કાર્યક્રમ/સમારંભ યોજતા પહેલા સરકારશ્રીની
પૂર્વ મંજૂરી લેવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : સકલ/ ૪૦૨૦૧૭/ ૭૬૮/ પાર્ટ-૧/ પી
તારીખ : ૨૨/ ૦૬/ ૨૦૧૭

**પરિપત્ર** :-

૧. ગુજરાત રાજ્યમાં તમામ નાગરિકો કોઇપણ જાતના ભેદભાવ વગર શાંતિથી રહી શકે, દરેકને સમાન તકો મળે અને તમામના સહયોગથી લોકાભિમુખ વહીવટનો ઉદ્દેશ પાર પાડી શકાય તે માટે, વિશ્વ ભાઇચારાનો ઉદ્દેશ સિદ્ધ કરવા, સક્રિય સમાજની રચના કરવા, પોલીસ અને પ્રજા વચ્ચે માહિતી, વિચારો તેમજ કાર્યવાહીનું સંકલન કરી પોલીસની હકારાત્મકતા વધારવા અને ગુજરાતને દુનિયાનું સૌથી સલામત રાજ્ય બનાવવા રાજ્ય સરકાર કૃતનિશ્ચયી છે. આ માટે પોલીસની કામગીરીમાં જાહેર જનતાનો સહયોગ મળે તથા સામે પક્ષે જનતા પણ પોલીસ સાથેના વ્યવહારો, વાર્તાલાપ દરમ્યાન નિર્ભયતા અનુભવે તે આવશ્યક છે. ગુજરાત પોલીસની કામગીરી વધુ કાર્યક્ષમ, પરિણામલક્ષી અને લોકાભિમુખ બનાવવાના હેતુથી "સુરક્ષા સેતુ"ની યોજના અમલામાં મૂકવામાં આવેલ છે.

૨. આ યોજનાના અભિગમમાં પોલીસનું સેન્સિટાઇઝેશન અને લોકોનો સહકાર ખૂબ મહત્વની બાબત છે.

3. આ યોજના અંતર્ગત રાજ્ય કક્ષાની ૧. પોલીસ કમિશ્નરેટ કક્ષાની ૪ અને તમામ જિલ્લાઓની ૨૭ મળીને કુલ ૩૨ "સુરક્ષાસેતુ સોસાયટી"ઓની રચના કરવામાં આવેલ છે. આ તમામ સોસાયટીઓ ગુજરાત સોસાયટી અધિનિયમ – ૧૯૬૦ તેમજ મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ અંતર્ગત રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબની યોજનાઓ/પ્રવૃત્તિઓ અંગેનું આયોજન કરી શકાય તેવું નિશ્ચિત કરવામાં આવેલ છે.

(૧) પ્રજામાં સલામતીની ભાવના તથા જાગૃતિપેદા કરવા માટે સાહિત્ય/સી.ડી./સદ્દભાવના પોસ્ટર વગેરે પ્રદર્શિત કરવા.

(૨) પોલીસ કાર્યવાહીમાં મદદ કરનાર નાગરિકોને પબ્લીક એવોર્ડ એનાયત કરવાની બાબત વિચારવી.

(3) જિલ્લાઓમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પબ્લીક પોલિસીંગ જાગૃતિ લાવવા, ગુન્હા અટકાવવા, પ્રજાએ "શું કરવું" તેની યાદીઓ, સાયબર ગુન્હા વિગેરે પ્રદર્શિત કરવા માટે "સુરક્ષા સેતુ રથ"ની સ્થાપના કરવી.

(૪) ટ્રાફિકના નિયમોનું પાલન અને ટ્રાફિક અંગે બાળકોને જાગૃત કરવા, સ્લોગન, વકૃત્વ સ્પર્ધા,

હોર્ડિંગ્સ, જાહેરાતો, ટ્રાફિક પાર્ક, રમત ગમત, ટ્રી પ્લાન્ટેશન, બ્લડ ડોનેશન કેમ્પ, પીકનીક વિગેરેનું આયોજન કરવું.

(૫) વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ એક સાથે કાઉંસેલીંગ/સેમિનાર યોજવો, કારકિર્દી અને રોજગાર માટે પ્રોફેશનલ કાઉંસેલર્સ દ્વારા માર્ગદર્શન અપાવવું. આ માટે NGO, ટ્યુશન ક્લાસીસના સંચાલકોનો સંપર્ક કરવો, ખાસ કરીને પરીક્ષાના પરિણામોના સમયગાળા દરમ્યાન વિશેષ કાઉંસેલીંગના વર્ગો શરૂ કરવા.

(૬) શાળાના બાકો સાથે પોલીસનો સંપર્ક હકારાત્મક દ્રષ્ટિકોણ સાથે જળવાય તે માટે ટ્રાફિક અવેરનેશ પ્રોગ્રામ વિગેરેનું આયોજન કરવું.

(૭) મહિલાઓનું સશક્તિકરણ કરવા માટે તેમને સ્વરક્ષણની તાલીમ આપવી, મહિલાઓ ગરીબ હોય તેમનો પૂરેપૂરો ખર્ચ આ યોજનામાંથી કરવામાં આવશે.

(૮) ગુનાઓ થતાં બનતા અટકાવવા માટે બહોળી પ્રસિદ્ધિ, પ્રચાર, પ્રસાર અને કેમ્પેઇનનું આયોજન કરવું.

(૯) "સુરક્ષાસેનુ સોસાયટી" યોજનાની વિગતો કેમ્પેઇનના રૂપમાં લોકો સમક્ષ રજૂ થવી જોઇએ જેથી લોકો પોલીસને સહકાર આપવા આગળ આવે.

૪. નશાબંધી એ ગુજરાતની આગવી ઓળખ છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય નશાબંધી માટેની તેની નિષ્ઠાના કારણે અલગ તરી આવે છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ અને કાયદો - વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંત, સલામત અને સંસ્કારી રાજ્યનો દરજ્જો મેળવી શક્યું છે, તે માટે ગૃહ વિભાગ હેઠળની નશાબંધી અને આબકારીની કચેરી કામગીરી કરે છે. આ કચેરી રાજ્ય અને કેન્દ્રિય વિનિયમો તથા તે હેઠળ બહાર પાડેલ નિયમો, અધિનિયમો અને હુકમોનો અમલ કરે છે અને તે માટે નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતાને નિયમોનુસારની સત્તાઓ આપવામાં આવેલ છે.

૫. લોકો દારૂના દૂષણમાં ન ફસાય તે માટે જુદા જુદા માધ્યમોથી સુચારૂ પ્રચાર-પ્રસારની કામગીરી વિવિધ માધ્યમોથી અસરકારક કરવામાં આવે છે.

૬. ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ (ભંડોળ) નિયમો - ૧૯૯૯ અંતર્ગત ગુજરાત રાજ્યમાં માર્ગ સુરક્ષા જળવાય તે હેતુથી માર્ગ સુરક્ષા નિધિ ઉપસ્થિત કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર તરફથી મંજૂર કરવામાં આવતું અનુદાન, રાજ્યના શહેરી વિસ્તાર તથા હાઇવે પર માર્ગ સુરક્ષા જાળવવા તાલીમ અને શિક્ષણ કાર્યક્રમો નક્કી કરવામાં આવેલ છે અને તે માટે અંદાજપત્રીય જોગવાઇ પણ કરવામાં આવેલ છે. આ હેતુ અંતર્ગત,

(૧) દર વર્ષે સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવી.

(૨) ટ્રાફિક અંગેની દસ્તાવેજી ફિલ્મો બનાવવી તથા સ્લાઇડો બનાવવી અને પ્રદર્શિત કરવી.

(૩) ટ્રાફિક અંગ દૈનિક તથા અન્ય પેપરો/સામયિકોમાં જાહેરાતો આપવી તથા હોર્ડીંગ મારફત જાહેરાત કરવી.

(૪) જનતામાં ટ્રાફિકની સમજ ઉભી થાય તે માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચા, પરિસંવાદ તથા પ્રદર્શનનું આયોજન કરવું અને તે માટે ઇનામો આપવા

(૫) જાહેર મોબાઇલ પ્રદર્શન/નિર્દેશન માટે વાહનોની ખરીદી તથા ટી.વી., વી.સી.આર. વગેરેની ખરીદી અને જરૂરી અન્ય સાધનોની ખરીદી અને નિભાવણી.

૭. ગૃહ વિભાગ હેઠળની ઉપર જણાવેલ યોજનાઓ પ્રજાભિમુખ ઉપરાંત ગૃહ વિભાગ હેઠળના તમામ ખાતાના વડા દ્વારા તેઓની લોકોપયોગી કામગીરી તથા જનકલ્યાણ યોજનાઓ પ્રત્યે જનજાગૃતિ વધારવા, બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર થાય અને જનભાગીદારીમાં વધારો તે માટે ખાતાના વડા દ્વારા તથા તેઓના હસ્તકની તાબાની કચેરીઓ દ્વારા રાજ્યકક્ષાના કાર્યક્રમો/સમારંભોનું નિયમિત રીતે આયોજન કરવામાં આવે છે, જેવા કે, (૧) ડી.જી.પી. ગાંધીનગર કચેરી હસ્તકની પોલીસ કમિશ્નર, અમદાવાદ કચેરી દ્વારા ૨૧ ઓક્ટોબરના રોજ પોલીસ સંભારણા દિનની ઉજવણી, (૨) જેલ ખાતા દ્વારા કેદીઓને શૈક્ષણિક ડીગ્રી એનાયત કાર્યક્રમ, (૩) હોમગાર્ડસ ખાતા દ્વારા હોમગાર્ડસ દિનની ઉજવણી, (૪) સૈનિક કલ્યાણ ખાતા દ્વારા ૭ ડિસેમ્બરના રોજ ફ્લેગ ડે ની ઉજવણી, (૫) નાગરિક સંરક્ષણ ખાતા દ્વારા ૩૦ જાન્યુઆરીના રોજ શહીદ દિનની ઉજવણી, (૬) લાંચરૂશ્વત વિરોધી ખાતા દ્વારા આંતરરાષ્ટ્રીય લાંચરૂશ્વત વિરોધી દિનની ઉજવણી, (૭) તકેદારી આયોગ દ્વારા સતર્કતા જાગૃતિ દિન અને સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી, (૮) રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા પદવી એનાયત સમારંભ, (૯) ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા રહેણાંક અને બિનરહેણાંક મકાનોના ભૂમિપૂજન કાર્યક્રમ તથા બાંધકામ પૂર્ણ થયેથી ખાતમુહૂર્ત, અનાવરણ, ઉદ્‌ઘાટન કાર્યક્રમ વગેરે, (૧૦) રાજ્યની પોલીસ તાલીમી સંસ્થાઓ દ્વારા પાસીંગ આઉટ પરેડ સમારોહ કાર્યક્રમ, (૧૧) પોલીસના જવાનોને મેડલ વિતરણ વિતરણ કાર્યક્રમ વગેરે. અનુભવે એવું જણાયું છે કે, વિભાગ હેઠળના ખાતના વડા તથા તેમના હસ્તકની કચેરીઓ દ્વારા રાજ્ય સરકારની અનુમતિ વગર કાર્યક્રમ/સમારંભ યોજવા અંગેની બાબત વર્તમાનપત્રો/ઇલેક્ટ્રોનિક માધ્યમથી કાર્યક્રમ/સમારંભનું રીપોર્ટીંગ થાય ત્યારે જ સરકારશ્રીના ધ્યાન ઉપર આવે છે. જેની સરકારશ્રીકક્ષાએ ગંભીર નોંધ લેવામાં આવે છે. રાજ્ય સરકાર આવા કાર્યક્રમોથી અજાણ રહેવાના કારણે, સરકારશ્રી કક્ષાએથી આવા કાર્યક્રમને લોકાભિમુખ બનાવવા કરવાપાત્ર પ્રદાન પણ કરી શકાતું નથી. આથી આ બાબતે જરૂરી કાર્યપદ્ધતિ અને સૂચનાઓ પરિપત્રિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી. વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) આ બાબતે હવે પછી, ખાતાના વડા તથા તેઓના તાબાની કચેરી દ્વારા યોજવામાં આવતા ઉપર પેરા- ૧ થી ૭ માં જણાવ્યા મુજબના તેમજ તે સિવાયના યોજવામાં આવતાં સ્ટેટ લેવલના કાર્યક્રમો/ સમારોહ તથા નીચે જણાવેલ કામો માટે કાર્યક્રમ કે સમારંભ યોજતાં પહેલા રાજ્ય સરકારની પૂર્વમંજૂરી અચૂક લેવાની રહેશે.

(i) જે કાર્યક્રમોમાં ૫૦૦થી વધુ વ્યક્તિઓ ઉપસ્થિત રહે તેવી સંભાવના હોય,

(ii) રૂ.૫૦ લાખથી ઉપરની રકમનું ખર્ચ થયેલ હોય તેવા તમામ કામો બાબતના કાર્યક્રમો કે સમારોહ,

(iii) રૂરલ પોલીસ સ્ટેશન કે તેથી ઉપરની કક્ષાના બિન-રહેણાંક મકાન માટે,

(iv) કોઇ એક સ્થળ ઉપરના રૂ.૫૦ લાખની અંદાજીત કિંમતના રહેણાંકના કે બિનરહેણાંકનાં પ્રોજેક્ટ માટે

ઉપર જણાવેલ કાર્યક્રમ, સમારંભ યોજતા પહેલાં નીચેની બાબતો સંદર્ભે રાજ્ય સરકારનો પરામર્શ/ બ્રીફીંગ અચૂક કરવાનું રહેશે.

(i) કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા, આમંત્રણ પત્રિકા, ડાયસ પ્લાન, બેકડ્રોપ ડીઝાઇન બેનર્સ, તક્તિનો નમૂનો વગેરે,

(ii) ઉપસ્થિત રહેનારા મહાનુભાવોની વિગતો,

(iii) કાર્યક્રમને લોકોપયોગી બનાવવા માટે કરવામાં આવેલ કાર્યવાહી,

(iv) કાર્યક્રમોનું પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક માધ્યમોમાં રીપોર્ટીંગ બાબતે રાજ્ય સરકારનો પૂર્વ પરામર્શ/ બ્રીફીંગ અચૂક કરવાનું રહેશે.

ઉપર મુજબની સૂચનાઓનું પાલન કરવા આથી સબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

(નર્યના પટેલ)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) સર્વે અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સર્વે ઉપસચિવશ્રી/સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સર્વે ખાતાના વડાઓ (નિગમ અને યુનિવર્સિટી સહિત)

(૬) ઉપસચિવશ્રી (આઇ.ટી.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને પ્રસ્તુત પરિપત્ર વિભાગની વેબસાઇટ પર મૂકાવવાની વિનંતી સહ.

- સિલેક્ટ ફાઇલ.

<u>નકલ જાણ અર્થે</u> :-

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર